# <u>સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની અપેક્ષિત કાર્યરીતિ</u>
# <u>શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૧૧</u>

## સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની કાર્યરીતિ :–

(૧) દરેક સંસ્થા Fair, transparent & non-explotative રીતે પ્રવેશ કાર્યવાહી કરશે તેમજ કોઈપણ પ્રવેશપાત્રતા ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ ફોર્મ આપવાની ના પાડશે નહીં.

(૨) દરેક સંસ્થા સંચાલક મંડળની બેઠકો પર પ્રવેશ આપવા માટે એક નોડલ ઓફિસર નિયુકત કરશે. ડિપ્લોમા પ્રવેશ સમિતિને નોડલ ઓફિસરના નામ તેમજ ફોન નંબરની જાણ કરશે. વિદ્યાર્થી તેમજ પ્રવેશ સમિતિ, પ્રવેશ અંગેની ફરીયાદ માટે નોડલ ઓફિસરનો સંપર્ક કરશે અને નોડલ ઓફિસર આવી તમામ ફરિયાદોનો નિકાલ સમયમર્યાદામાં કરશે.

(૩) સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે દરેક સંસ્થા પોતાની અનુકૂળતા મુજબ સમયપત્રક બનાવી પ્રવેશની કાર્યવાહી કરશે. પ્રવેશ કાર્યવાહી તાઃ ૨૨/૬/૨૦૧૦ થી શરૂ કરી મોડામાં મોડી તાઃ ૧૦/૦૮/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. પ્રવેશ આપેલ વિદ્યાર્થીની યાદીને પ્રવેશ સમિતિ ધ્વારા સૂચિત સમયમર્યાદામાં પ્રમાણિત કરાવવાની રહેશે.

(૪) સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે પ્રત્યેક સંસ્થા અથવા સંસ્થાઓનો સમૂહ સાથે મળી સંયુકત રીતે પ્રવેશ કાર્યવાહી કરશે. પ્રવેશ કાર્યવાહી અંગેની તમામ વિગતો રાજયના ૫૦,૦૦૦ (પચ્ચાસ હજાર) કે તેથી વધારે નકલોનુ વેચાણ ધરાવતા અગ્રગણ્ય સમાચાર પત્રો પૈકીના કોઈપણ એક સમાચારપત્રમાં તથા સંસ્થાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરશે. પ્રવેશ પત્ર ભરવા માટે તથા ભરેલા પ્રવેશ પત્રો પરત લેવા માટે ઓછામાં ઓછા કામકાજના સાત દિવસોનો સમય આપવાનો રહેશે. આવી જાહેરાતમાં પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક, સ્થળ વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે તેમજ પ્રવેશ સમિતિને તેની સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.

(૫) સંસ્થા વિતરણ કરેલ પ્રવેશ ફોર્મની તથા પરત મળતા પ્રવેશ ફોર્મની નોંધ રાખશે, તેને લગતું એક રજિસ્ટર નિભાવશે. સંસ્થા તેને મળેલ પ્રવેશપાત્રતા ધરાવતા અને પ્રવેશસમિતિનો મેરીટનંબર ધરાવતા વિદ્યાર્થીઓની આંતરિક મેરીટ યાદી બનાવશે, મેરીટ યાદી સંસ્થાના નોટિસ બોર્ડ ઉપર, વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તથા પ્રવેશ સમિતિને એક નકલ મોકલવાની રહેશે. મેરીટમાં સમાવિષ્ટ દરેક વિદ્યાર્થીને કાઉન્સેલીંગ માટે કાઉન્સેલીંગના સાત દિવસ અગાઉ યુ.પી.સી. અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી વ્યકિતગત રીતે જાણ કરવાની રહેશે.

(૬) સંસ્થા સંચાલક મંડળની બેઠકો માટેના પ્રવેશ ફોર્મ માટેની ફી રૂા. ૩૦૦/– થી વધારે રાખી શકશે નહીં.

(૭) પ્રવેશ સમિતિ ધ્વારા રચવામાં આવેલ ' ફરિયાદ સેલ'ના નોડલ અધિકારી તરીકે નીચેના અધિકારીશ્રીઓ રહેશે. નોડલ અધિકારી એ કાયદાના ઉલ્લંધનના કેસ બાબતે સરકારશ્રીનું લેખિતમાં ધ્યાન દોરવાનુ રહેશે.

| | |
|---|---|
| ડિપ્લોમા એન્જિનીયરીંગ | પ્રો. અશ્વિન એમ. પટેલ |

## એન.આર.આઈ. બેઠકો માટેની કાર્યરીતિ :

એન. આર. આઈ. બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં સંચાલક મંડળ માટેની કાર્યરીતિ ઉપરાંત નીચેના મુદ્દાઓ લાગુ પડશે.

(૧) જો વિદ્યાર્થીએ લાયકાતની પરીક્ષા વિદેશમાંથી પાસ કરી હોય તો તેઓનો લાયકીના અભ્યાસક્રમની પરીક્ષાં મેળવેલ ગુણ પ્રમાણે મેરીટમાં સમાવેશ કરવાનો રહેશે. આવા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રાજય સરકાર ધ્વારા નિર્ધારિત પ્રવેશ લાયકાત ધરાવતા હોવા જોઈશે. એન. આર. આઈ. વિદ્યાથીૃઓને પ્રવેશ ફાળવવામાં અગ્રતા આપવાની રહેશે.

(૨) લાયકાતની પરીક્ષા વિદેશમાંથી પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, દિલ્હી તરફથી સમકક્ષતાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૩) એન.આર.આઈ. બેઠકમાં પ્રવેશ મેળવવા માંગતા એન.આર.આઈ. વિદ્યાર્થીએ પોતે એન.આર.આઈ. હોવા અંગેના પુરાવા રૂપે પોતાના તથા માતા અને / અથવા પિતાના પાસપોર્ટની નકલ રજૂ કરવાની રહેશે. એન.આર.આઈ. સ્પોન્સર્ડ વિદ્યાર્થીએ, સ્પોન્સરર વ્યકિતના એન.આર.આઈ. હોવા અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. સ્પોન્સરર વ્યકિતના પાસપોર્ટની (સ્પોન્સરરની સહી દર્શાવતી) કોપી તેમજ સોગંદનામું રજુ કરવાનું રહેશે. સદર સોગંદનામુ એન.આર.આઈ. (સ્પોન્સરર) વ્યકિતનો વિદ્યાર્થી (એન.આર.આઈ. સ્પોન્સર્ડ ઉમેદવાર) સાથેનો સબંધ દર્શાવતું, સ્પોન્સર્ડ ઉમેદવારની ટયુશન ફી તેમજ અન્ય ફી ભરવાની જવાબદારી લેવાની તથા તેનો ભણતરની સંપૂર્ણ જવાબદારી પોતે લેશે, તેવી બાંહેધરી આપતું હોવું જોઈએ.

(૪) એન.આર.આઈ. સ્પોન્સર્ડ વિદ્યાર્થીનો સમાવેશ એન.આર.આઈ. બેઠકોની ગુણવત્તા યાદી તથા સંચાલક મંડળની બેઠકોની ગુણવત્તા યાદી એમ બંન્ને ગુણવત્તા યાદીઓમાં સમાવેશ કરવાનો રહેશે.

(૫) જો કોઈ વિદ્યાર્થીએ એન.આર.આઈ. બેઠકમાં પ્રવેશ મેળવવા અરજી કરેલ હશે તથા સદર વિદ્યાર્થી પ્રવેશ સમયે એન.આર.આઈ. અથવા એન.આર.આઈ. સ્પોન્સર્ડ હોવા અંગેના જરૂરી પુરાવાઓ રજુ કરી શકશે નહીં, તો આવા સંજોગોમાં સદર વિદ્યાર્થીને સંચાલક મંડળની બેઠકોની ગુણવત્તાયાદીમાં સમાવિષ્ટ કરી, ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

પ્લાસ્ટીક ઈજનેરી બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક, આંબાવાડી, અમદાવાદ : ૧૫.

## વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની કાર્યરીતિ

## અગત્યની તારીખો ( શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૧૧) ( **modified on 30-07-2010** )

| વિગત | ડિપ્લોમા ઈજનેરી | |
|---|---|---|
| | હાલની સંસ્થાઓ | નવી સંસ્થાઓ |
| જે–તે સંસ્થા ખાતેથી આ ફોર્મ મેળવી આ જ સમય–મર્યાદામાં જમા કરાવવાના રહેશે. | તાઃ ૨૨–૬–૨૦૧૦ થી તાઃ ૦૭–૦૮–૨૦૧૦ | તાઃ ૩૦–૦૭–૨૦૧૦ થી તાઃ ૦૭–૦૮–૨૦૧૦ |
| જો કોઈ સંસ્થા ફોર્મ સ્વીકારવાની ના પાડે તો પ્રવેશ સમિતિ ખાતે આ પ્રવેશ ફોર્મ, સોંગદનામા સાથે ભરી શકાશે. | તાઃ ૦૮–૦૮–૨૦૧૦ થી તાઃ ૦૯–૦૮–૨૦૧૦ | તાઃ ૦૮–૦૮–૨૦૧૦ થી તાઃ ૦૯–૦૮–૨૦૧૦ |
| સ્વીકારેલ અરજીઓની મેરીટયાદી જે–તે સંસ્થાની વેબસાઈટ અને નોટીસ બોર્ડ પર જાહેર કરવાની રહેશે. | તાઃ ૧૦–૦૮–૨૦૧૦ થી તાઃ ૧૩–૦૮–૨૦૧૦ | તાઃ ૧૦–૦૮–૨૦૧૦ થી તાઃ ૧૩–૦૮–૨૦૧૦ |
| સંસ્થા ખાતે પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી સંસ્થા ધ્વારા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી પ્રવેશ સમિતિને પ્રમાણિત કરાવવા માટે જમા કરાવવાની રહેશે. | તાઃ ૧૪–૦૮–૨૦૧૦ થી તાઃ ૨૦–૦૮–૨૦૧૦ | તાઃ ૧૪–૦૮–૨૦૧૦ થી તાઃ ૨૧–૦૮–૨૦૧૦ |

Officer Incharge
( Ashvin M. Patel )

Officer Incharge
( Alpesh M. Patel )

Officer Incharge
( M.M.Bhavsar )

Officer Incharge
( Dr. N.R. Pandya )

Member Secretary
( Prof. M.K.Parikh )